# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , "વંદે માતરમ" એક મંત્ર , ઉર્જાનો સ્ત્રોત, એક સ્વપ્ન અને ભારત માતા પ્રત્યેની પ્રતિબદ્ધતા છે.

2) બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો

3) ભારતે પાકિસ્તાન પર ગુપ્ત અને ગેરકાયદેસર પરમાણુ પ્રવૃત્તિઓનો આરોપ લગાવ્યો છે, જે તેના ઇતિહાસ સાથે સુસંગત છે

4) સર્વોચ્ચ અદાલતે જાહેર સ્થળોએ રખડતા કૂતરાઓના વધતા જતા ભયથી બચાવવા અને ધોરીમાર્ગો પર રખડતા ઢોરો દૂર કરવા માર્ગદર્શિકા જાહેર કરી.

5) આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે કહ્યું કે, મેટ્રો કનેક્ટિવિટી માં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે.

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM VANDE MATARAM

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્" ના 150 વર્ષ પૂરા થવા નિમિત્તે વર્ષભર યોજાનારા સ્મરણોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ એક સ્મારક સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડ્યો. તેમણે "vandemataram150.in" પોર્ટલનો શુભારંભ કર્યો , જ્યાં નાગરિકો રાષ્ટ્રીય ગીત ગાતા તેમના વીડિયો અપલોડ કરી શકે છે અને પ્રમાણપત્ર મેળવી શકે છે.નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વંદે માતરમ એક મંત્ર, એક ઉર્જા, એક સ્વપ્ન અને એક સંકલ્પ છે.

## (બાઇટ : PM--VANDE-MATRAM)

શ્રી મોદીએ કહ્યું કે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે એક વખત કહ્યું હતું કે બંકિમચંદ્રનું 'આનંદમઠ' માત્ર એક નવલકથા નથી. તે સ્વતંત્ર ભારતનું સ્વપ્ન છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા લખાયેલા દરેક શબ્દનો ઊંડો અર્થ હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વંદે માતરમ ગીત દરેક યુગમાં સુસંગત છે.

વંદે માતરમ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા 7 નવેમ્બર 1875 ના રોજ અક્ષય નવમીના રોજ લખવામાં આવ્યું હતું. તે સૌપ્રથમ સાહિત્યિક જર્નલ બંગદર્શનમાં તેમની નવલકથા આનંદમઠના ભાગ રૂપે પ્રકાશિત થયું હતું.

. . . . . . . . . . . . .

# INTERVIEW – GAJENDRA SINGH

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું છે કે રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠની ઉજવણી માટે સંસ્કૃતિ મંત્રાલય વર્ષભર અનેક કાર્યક્રમોનું આયોજન કરશે. આકાશવાણી સમાચાર સાથેની એક ખાસ મુલાકાતમાં, શ્રી શેખાવતે કહ્યું કે વંદે માતરમ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનો અવાજ હતો અને હવે તે 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દરેક નાગરિકને પ્રેરણા આપશે.

(બાઇટ: ગજેન્દ્ર સિંહ શેખાવત, GNR મેઇલ)

. . . .

# NSD – VANDE MATRAM

આજે નવી દિલ્હીના આકાશવાણી ભવનમાં રાષ્ટ્રીય ગીત , વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં એડિશનલ ડાયરેક્ટર જનરલ ધીરજ એમ . કાકડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા . નવા ઉદ્ઘાટન કરાયેલા પ્ર સારણ ભવન સંકુલમાં અનેક કલાકારોએ રાષ્ટ્રગીતની રજૂઆત કરી હતી.

આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં , ભાગ લેનારા કલાકાર પ્રભાસ શ્રીવાસ્તવે વંદે માતરમ ગાવાની તક મળવા બદલ આનંદ વ્યક્ત કર્યો . તેમણે તેને તેમના અને તેમની ટીમ માટે ગર્વની ક્ષણ ગણાવી.

. . . . .

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વંદે માતરમની 150મી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો એક લેખ શેર કર્યો છે . સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ લેખમાં વર્ણવવામાં આવ્યું છે કે કેવી રીતે વંદે માતરમ સાંસ્કૃતિક ગૌરવ અને સભ્યતાવાદી રાષ્ટ્રવાદનું મિશ્રણ કરીને જાગૃતિનું એક સવારનું ગીત બન્યું.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું કે, વંદે માતરમ ગીત આપણને 2047 સુધીમાં ભારતને ફરીથી આત્મનિર્ભર અને ટોચનું વિકસિત રાષ્ટ્ર બનાવવાના આપણા સ્વપ્નને સાકાર કરવા માટે પ્રેરણા આપતું રહેશે.

. . . . .

# BIHAR ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર ચરમસીમાએ પહોંચ ્યો. NDA અને મહાગઠબંધનના વરિષ્ઠ નેતાઓ , સ્ટાર પ્રચારકો અને અન્ય પક્ષોના નેતાઓ સતત પ્રવાસ કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઔરંગાબાદમાં જણાવ્યું હતું કે NDA બિહારને વિકસિત રાજ્ય બનાવશે . તેમણે કહ્યું કે બિહારને NDAના પ્રામાણિક ચૂંટણી ઢંઢેરામાં વિશ્વાસ છે. શ્રી મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ અને RJD ફક્ત અપમાન અને બદનક્ષીની રાજનીતિ કરે છે.

ભાબુઆ રેલીમાં , પ્રધાનમંત્રીએ આરોપ લગાવ્યો કે RJD અને કોંગ્રેસે બિહારના યુવાનોને ગેરમાર્ગે દોરવા માટે સખત મહેનત કરી, પરંતુ તેમની યોજનાઓ નિષ્ફળ ગઈ.

(બાઈટ – PM MODI, ભાબુઆ)

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે NDA એ સત્તામાં પાછા ફર્યા પછી બિહારને પૂરમુક્ત બનાવવા માટે એક અલગ મંત્રાલય બનાવવાનો નિર્ણય લીધો છે.

ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ ગો વિંદગંજ રેલીમાં કહ્યું કે આ ચૂંટણી વિકાસને વેગ આપવા અને સરકારને સ્થિરતા અને શક્તિ પ્રદાન કરવા માટે યોજાઈ રહી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ અમરપુરમાં એક જાહેર સભાને સંબોધ ન કરતાં કહ્યું કે, આ ચૂંટણી બિહારના ભવિષ્ય વિશે છે . શ્રી ગાંધીએ મતદારોને એવી સરકાર પસંદ કરવા વિનંતી કરી જે તેમના માટે કામ કરે અને જરૂરિયાતના સમયે તેમની સાથે ઉભી રહે.

મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તેજસ્વી પ્રસાદ યાદવે પૂર્ણિયા , અરરિયા, ભાગલપુર અને બાંકામાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરી હતી . તેમણે કહ્યું હતું કે NDA નેતાઓ રોજગારના વાસ્તવિક મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ રોહતાસના નોખામાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . .

# MEA – BRIEFING

ભારતે આજે પાકિસ્તાન પર ગુપ્ત અને ગેરકાયદેસર પરમાણુ પ્રવૃત્તિઓનો આરોપ લગાવ્યો છે, જે તેના ઇતિહાસ સાથે સુસંગત છે. આ પ્રવૃત્તિઓ દાયકાઓથી દાણચોરી, નિકાસ નિયંત્રણ ઉલ્લંઘન , ગુપ્ત ભાગીદારી અને પરમાણુ પ્રસાર પર કેન્દ્રિત રહી છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે હંમેશા પાકિસ્તાનના રેકોર્ડના આ પાસાઓ પર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોર્યું છે.

(બાઈટ -- રણધીર જયસ્વાલ)

નિવૃત્ત ભારતીય મેજર વિક્રાંત જેટલી વિશેના પ્રશ્નના જવાબમાં, પ્રવક્તાએ કહ્યું કે, અબુધાબીમાં ભારતીય દૂતાવાસના અધિકારીઓએ તેમની સાથે ચાર વખત મુલાકાત કરી છે . દૂતાવાસના અધિકારીઓ અટકાયતમાં લેવાયેલા મેજરના પરિવાર સાથે સતત સંપર્કમાં છે.

. . . . . .

# SUPREME COURT OF INDIA - DOG

સર્વોચ્ચ અદાલતે આજે જાહેર સ્થળોને રખડતા કૂતરાઓના વધતા જતા ભયથી બચાવવા અને ધોરીમાર્ગો પરથી રખડતા ઢોરો અને અન્ય પ્રાણીઓને દૂર કરવા માર્ગદર્શિકા જાહેર કરી છે. ન્યાયામૂર્તિ વિક્રમ નાથ , સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની ખંડપીઠે આ બાબતની સ્વયં નોંધ લીધી અને દેશમાં રખડતા કૂતરાઓના સંચાલન સંબંધિત કેસની સુનાવણી કરી. સાંભળીએ એક અહેવાલ –

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેકર)

અદાલતે નિર્દેશ આપ્યો કે દરેક શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, જાહેર રમતગમત સંકુલ, બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશનને રખડતા કૂતરાઓના પ્રવેશને રોકવા માટે યોગ્ય રીતે વાડ કરવામાં આવે. અદાલતે સ્થાનિક મ્યુનિસિપલ સંસ્થાઓને પશુ જન્મ નિયંત્રણ નિયમો હેઠળ આવા વિસ્તારોમાંથી નિયમિતપણે પ્રાણીઓ એકત્રિત કરવા અને જરૂરી રસીકરણ અને નસબંધી પછી તેમને નિયુક્ત આશ્રયસ્થાનોમાં મોકલવાનો પણ નિર્દેશ આપ્યો. સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને કડક પાલન કરવા નિર્દેશ આપ્યો. આ નિર્દેશનું યોગ્ય નહીં પાલન થાય તો આ અધિકારીઓ વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે. આ માર્ગદર્શિકાના અમલીકરણ માટે લેવામાં આવેલા પગલાં અંગેનો અહેવાલ આઠ અઠવાડિયામાં સર્વોચ્ચ અદાલતમાં રજૂ કરવામાં આવશે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . .

# URBAN MOBILITY INDIA CONFERENCE

આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે આજે જણાવ્યું હતું કે મેટ્રો કનેક્ટિવિટીમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ગુરુગ્રામમાં 18મા શહેરી ગતિશીલતા ભારત પરિષદ અને પ્રદર્શનમાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતનું મેટ્રો નેટવર્ક એક હજાર 100 કિલોમીટરથી વધુ છે,

શ્રી મનોહર લાલે જણાવ્યું હતું કે વર્તમાન ભૂગર્ભ પાઇપલાઇન કનેક્ટિવિટી પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, ભારત અમેરિકાને પાછળ છોડીને વિશ્વનું બીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક ધરાવશે. આગામી શહેરી માળખાગત પ્રયાસો પર ભાર મૂકતા , તેમણે જાહેરાત કરી હતી કે દિલ્હીમાં ટૂંક સમયમાં પરિવહન-લક્ષી વિકાસ નીતિ શરૂ કરવામાં આવશે.

તેમણે જાહેરાત કરી હતી કે સરકાર ટ્રાફિક પડકારોને પહોંચી વળવા માટે દિલ્હીના ગીચ વિસ્તારોમાં પોડ ટેક્સીઓ , એર ટેક્સીઓ અને રોપવે પરિવહન પ્રણાલીઓ રજૂ કરવા પર કામ કરી રહી છે.

. . . . . . .